 

**તા. ૫/૯/૨૪ : શિક્ષક દિનની ઉજવણી :** વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી જીવનમાં શિક્ષકોનું મહત્વ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જીવન પ્રસંગો, કાર્યો, ગુણોને વકતવ્ય થકી રજૂ કર્યા હતાં. અને શિક્ષકોનાં આર્શીવાદ મેળવ્યાં હતાં. વકતૃત્વ સ્પર્ધા પણ યોજાય હતી.

**તા. ૧૨/૯/૨૪ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભરૂચ (સી.આર.સી. કક્ષાનાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન : ૨૦૨૪**

સ્થળ : મિશ્ર શાળા સ્ટેશન રોડ, ભરૂચ કન્વી. શિક્ષક: ભાવસાર હિનાબેન, મહિડા પલ્લવીબેન

| ક્રમ | વિભાગનાં નામ | કૃતિનું નામ | વિદ્યાર્થીનાં નામ | પરીણામ |
|---|---|---|---|---|
| ૧ | Food Health and hygiene | ખોરાક, આરોગ્ય અને સ્વચ્છતા | રાજ માન્યા ડી. (૮અ), પટેલ અદિતી ડી. (૮અ) | પ્રથમ ક્રમે વિજેતા |
| ૨ | Transport and communication | પ્રદૂષણનું સાહીમાં રૂપાંતર | લીમ્બચીયા કાવ્યા એ. (૮બ), ચૌહાણ જયાબેન આર. (૮બ) | ભાગ લીધો |
| ૩ | Natural Farming | મિસ્ટિંગ સિસ્ટમ | પટેલ ધરા કે. (૮અ), શેરે દેવ્યાંશી ભી. (૭અ) | ભાગ લીધો |
| ૪ | Disaster Management | આપત્તિ સંચાલન | સુથાર મિહિર એ. (૬અ), ભટ્ટ મંત્ર કે. (૭અ) | ભાગ લીધો |
| ૫ | Waste management/ Resource management | ગોબર સ્ટીક | મોદી રીયા પી. (૮બ), મહેતા રચિત આર. (૭અ) | તૃતીય ક્રમે વિજેતા |





**તા. ૨૭/૯/૨૪ : જિલ્લા કક્ષાનાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન** માં ઝનોર મુકામે વિભાગ-૧ માં ખોરાક, આરોગ્ય અને સ્વચ્છતાની કૃતિ શાળાની વિદ્યાર્થીની રાજ માન્યા ડી. (૮અ) અને પટેલ અદિતી ડી. (૮અ) એ રજૂ કરી. કન્વી: હિનાબેન ભાવસાર, મહિડા પલ્લવીબેન

**તા. ૧૯/૯/૨૪ : જિલ્લા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા :** કન્વી. : શેફાલીબેન ઠાકર

| ક્રમ | સ્પર્ધાનું નામ | સ્પર્ધકનું નામ | પરિણામ |
|---|---|---|---|
| ૧ | વકતૃત્વ સ્પર્ધા | ભટ્ટ મંત્ર કમલેશભાઇ | ભાગ લીધો |
| ૨ | નિબંધ લેખન | પટેલ જેન્સી કેતનભાઇ | ભાગ લીધો |
| ૩ | ચિત્ર સ્પર્ધા | પટેલ ચાર્મી પ્રજ્ઞેશકુમાર | ભાગ લીધો |
| ૪ | લગ્ન ગીત | કાયસ્થ ચાર્મી પિકેશભાઇ, પઢિયાર માહી ચિંતનભાઇ, કાયસ્થ યસ્વી રાહુલભાઇ, જાદવ વિધિ જીજ્ઞેશભાઇ, ટેલર યસ્વી ઉજેશકુમાર, | પ્રથમ |
| ૫ | એકપાત્રીય અભિનય | પરમાર ભાર્ગવ મહેન્દ્રભાઇ | ભાગ લીધો |
| ૬ | સમૂહ ગીત | વસાવા આસ્થા વિજયભાઇ, પરમાર જાનવી હેમંતભાઇ, ગોહિલ રિધ્ધિ છત્રસંગભાઇ, જાદવ જાનવી દિનેશભાઇ, પરમાર વિશ્વા દિલીપભાઇ, પરમાર શ્રેયા રમેશભાઇ, રાઠોડ પિયાંશી ભારતસિંહ, પરમાર સુહાની અરવિંદભાઇ | ભાગ લીધા |
| ૭ | લોકગીત | ટેલર દેવશ્રી ધવલભાઇ | ભાગ લીધો |
| ૮ | દોહા-છંદ-ચોપાઇ | ટેલર દેવશ્રી ધવલભાઇ | પ્રથમ |
| ૯ | લોકવાર્તા | મહેતા રચિત રાહુલભાઇ, પરમાર દિવ્યરાજ મિતેન્દ્રસિંહ | ભાગ લીધો |
| ૧૦ | સર્જનાત્મક કારીગરી | વસાવા શ્રેયા અશ્વિનભાઇ | ભાગ લીધો |
| ૧૧ | ભજન | શેરે દેવ્યાંશી ભાસ્કરરાવ | ભાગ લીધો |

**એક સારા ચારિત્ર્યનું નિર્માણ હજારો ઠોકર ખાધા પછી જ થાય છે.**

**તા. ૧૯/૯/૨૪ : નગરપાલિકા દ્વારા સ્વચ્છતા પખવાડિયા** અંતર્ગત શાળાનાં ધો. ૬ થી ૮ નાં બાળકોને લઇને **યોગાનો કાર્યક્રમ** યોજાયો. કન્વી: શૈલેન્દ્રસિંહ ગોહિલ





**તા. ૨૨/૯/૨૪ : ભરૂચ રનિંગ કલબ અને રોકસુલ કંપની**નાં સહયોગથી **ભરૂચ હાફ મેરેથોન સિઝન થ્રિ** નું આયોજન કરાયું હતું. શાળાનાં ધો. ૭-બ ની વિદ્યાર્થીની વસાવા સાક્ષી એમ. ૧૦ કિ.મી. દોડમાં દ્વિતીય ક્રમે વિજેતા બની હતી. તથા રેવા મેરેથોન (અંકલેશ્વર) ૨૧ કિ.મી. દોડમાં તૃતીય ક્રમ મેળવનાર વસાવા માહી જે. (ધો- ૭બ) ને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી.




**તા. ૨૭/૯/૨૪ : S.V.S. કક્ષાની ''ગરવી ગુજરાત થીમ'' ચિત્ર સ્પર્ધા**માં અરવિંદભાઇ પરમારે નિર્ણાયક તરીકે સેવા આપી.

**તા. ૧/૧૦/૨૪ : ગાંધી જયંતિ ઉજવણી :** ભારતનાં રાષ્ટ્રપિતા શ્રી મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિની ઉજવણી બાપુના જીવનપ્રસંગો, તેમના કાર્ય, ભજન, ધૂન, વકતવ્ય દ્વારા રજૂ કરવામાં આવી. કન્વી. : કંચનબેન પરમાર





**તા. ૩/૧૦/૨૪ : ઈન્ડિયન ઇન્સ્ટીટયૂટ ઓફ કોમ્પ્યુટર લર્નિંગ** દ્વારા **Cyber Security and AI** વિષય પર સેમિનાર યોજાયો. જેમાં કિર્તીબેન પંડયા અને રૂખસાર પટેલ બહેનોએ સાઇબર ક્રાઇમ અને મોબાઇલનાં લાભ-ગેરલાભ વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી. શિક્ષણમાં મોબાઇલનો ઉપયોગ કેવી રીતે કરવો તે સમજાવ્યું.





**તા. ૯/૧૦/૨૪ : પ્રથમ સત્રાંત પરીક્ષાની વાલી મિટીંગ :** નારાયણ બાપુના આશ્રમ યોજવામાં આવી. જેમાં પ્રથમ પરીક્ષાનાં પરીણામનાં આધારે વિદ્યાર્થીઓને મેરિટનાં આધારે A, B, C, D, E, F જેવા ગૃપમાં વર્ગીકૃત કરવામાં આવ્યાં વિદ્યાર્થી સાથે વાલી ઉપસ્થિત રહ્યાં. રીઝલ્ટનાં આધારે જે-તે વિષય શિક્ષક દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. વેકેશનમાં વિદ્યાર્થીઓને ફાળવેલ જીવન કૌશલ્ય કેળવીએ, પ્રોજેકટની ચર્ચા કરવામાં આવી.


